वर्ष : १६ सने : २०२० सं.२०७६
अंक : १, સળંગ અંક-૯૮ श्रावण -जूलाई

Published on Date 22 every month

**ધર્મદૂત (માસિક)**

વર્ષ : ૧૬ સને ૨૦૨૦ સં.૨૦૭૬

અંક : ૧ શ્રાવણ/જુલાઈ સળંગ અંક-૯૮



**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ **તીર્થાધિરાજ અને તીર્થોદ્ધાર-૧**

★ **અનુમોદનાનો અમૃતથાળ**

★ विदायीगीत


## આર્ષવાણી

**सम्मद्दिट्ठी वि कयागमो वि,**

**अइविसयरागसुहवसओ ।**

**भवसंकडंमि पविसइ,**

**इत्थं तुह सच्चई नायं ॥**

તત્ત્વાર્થ-શ્રદ્ધાવાળો અને આગમનો જાણકાર પણ (ગીતાર્થ) જો શબ્દાદિ વિષયોના અતીવ રાગને પરવશ પડે તો અત્યંત દુ:ખમય સંસારમાં પડે છે. હે શિષ્ય ! આ વિષયમાં તારે સત્યકી વિદ્યાધરનું દૃષ્ટાંત જાણવું.

- ઉપદેશમાળા

ઉત્તમ સાધુભગવંતોની વસ્ત્રાદિથી પૂજા, પ્રણામ, સ્તુતિરૂપ સત્કાર, વિનય; આ કાર્યો કરવામાં તત્પર ગૃહસ્થ, કૃષ્ણ મહારાજની જેમ બાંધેલાં પણ અશુભ કર્મોને શિથિત બનાવી દે છે. - ઉપદેશમાળા



## ★ તીર્થાધિરાજ અને તીર્થોદ્ધાર-૧ ★★★


સંકલનઃ સંવર્ધન : પૂજ્યપાદ આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શન સૂરીશ્વરજી મહારાજા


**ભૂમિકા :** અનંતસંસારનો છેદ કરનાર, અનંદ આનંદ સ્વરૂપ મુક્તિ-મહેલમાં પ્રવેશ અપાવનાર, કર્મના ભુક્કા બોલાવી મહાપાપીઓનોય ઉદ્ધાર કરનાર તીર્થોનો એક સ્વતંત્ર મહિમા-પ્રભાવ અને ઇતિહાસ જૈન શાસનને વિશિષ્ટ ગૌરવ બક્ષે છે. જિનશાસનના એક પ્રભાવ સંપન્ન અંગ તરીકે તીર્થ-તીર્થ ભૂમિની ગણના થાય છે. તીર્થમાંય ભૂમિના કારણે અને પ્રતિમાના કારણે વિશિષ્ટ ઊર્જા ઊભી થાય છે. એમાં ક્યારેક તેવા ભૂમિના પરમાણુંઓ કામ કરી જાય છે, તો ક્યારેક કોઈક અતિવિશિષ્ટ પુણ્યશાળીનાં પગલાં નિમિત્ત બને છે. વળી, ક્યારેક એ તીર્થની ચેતના શક્તિમાં પવિત્રભાવોથી ભરાવેલી પ્રતિમા તો ક્યારેક બ્રહ્મચર્યાદિ વ્રતોનાં પાલક, લઘુતાદિ ગુણોથી સંપન્ન આચાર્ય ભગવંતાદિના ભાવો કામ કરી જાય છે. ક્યારેક પ્રાણપ્રતિષ્ઠા-પ્રતિષ્ઠાના સમયે આકાશમાં રહેલા તેવા પ્રકારના ગ્રહ-નક્ષત્ર-લગ્ન-નવમાંશના યોગો પાવર લાવી દે છે. તો વળી ક્યારેક પ્રતિષ્ઠા કરાવનાર શ્રાવક-શ્રાવિકાદિના ભાવોય પ્રભાવમાં પ્રાણસંચાર કરી દે છે ! આવાં ઘણાં પરિબળોનો સરવાળો એટલે તીર્થ ! ઊર્જાનો એક વિશિષ્ટ પુંજ !

આવાં હજારો તીર્થો હોવા છતાં તેમાં અષ્ટાપદ, આબૂ, સમેતશિખર, ગિરનાર અને શત્રુંજયનાં નામો અગ્રિમ પંક્તિમાં ગણાય છે. આમાં કેટલાંક તીર્થોનાં નિર્માણમાં તીર્થંકરભગવંતોનાં કલ્યાણકો કારણભૂત છે. તો કેટલાંક તીર્થોમાં નિર્માણ કરનારના ભાવો અને નિર્માણમાં વપરાયેલ મહામૂલ્યવાન દ્રવ્યો જવાબદાર છે. હા, શત્રુંજય એક એવું મહાતીર્થ છે... જેની પાછળ એકાદ વ્યક્તિ કે વ્યક્તિઓનો નાનો-મોટો સમૂહ જવાબદાર નથી. ત્યાં તો અનંતાનંત જીવો કારણરૂપ છે. કાંકરે-કાંકરે અનંત-અનંત જીવો મુક્તિપદને વર્યા, તેના પરમપવિત્ર પરમાણુંઓ પથરાયેલા છે. શુક્લધ્યાનના પરમતમ ભાવોનું ત્યાં અસ્તિત્વ છે. તે શાશ્વતગિરિ સ્વરૂપ છે. વળી, તે સપાટ જમીન પર નહિ, ડુંગર પર છે. ત્યાં વૃક્ષની ડાળીએ-ડાળીએ, પાંદડે-પાંદડે દેવોનો વાસ છે. ભૌતિક સુખના અતિવિશિષ્ટ સ્થાન-સ્વર્ગમાં જન્મ મળવા છતાં, તેને કાજળ જેવા કાળા ડાઘ આત્માને લગાડનાર છે; એમ માની, તેનો પરિત્યાગ કરી આ તીર્થ અને તીર્થાધિપતિની સેવામાં તત્પર રહે છે !

તીર્થોનાં નિર્માણમાં દ્રવ્ય કરતાં ભાવોનું મહત્ત્વ વધારે છે; એમ કહેવું ખોટું નથી. કારણ, જ્યાં દ્રવ્યનો વિશિષ્ટ ઉપયોગ થયો છે ત્યાં બાવ જ પ્રધાન હતો. ભાવ વગર આવાં કિંમતી-દુર્લભ દ્રવ્યનો ઉપયોગ ક્યાંથી થાય ? દ્રવ્યની કિંમત કરતાં ત્યાં પ્રભુ-પ્રભુપ્રતિમા અને તીર્થોનું મૂલ્ય વધુ સમજાયું હતું. પૈસા કરતાં પુણ્ય વધુ કિંમતી છે, પરલોકમાંય સાથે આવનાર છે, ઘણા ભવ્યાત્માઓનો ઉદ્ધાર કરવામાં પૈસો નહિ, પુણ્ય (તીર્થાદિનાં નિર્માણદ્વારા ઊભું થયેલું પુણ્ય) કામ આપે છે.. વગેરે મનોભાવોનો પ્રભાવ છે. સામાન્યથી એમ કહી શકાય કે પાપકર્મો કરતાં પુણ્યકર્મોની જીવાદોરી ટૂંકી છે. પરંતુ એટલું યાદ રાખવું કે પાપ કરતાં પુણ્યની તાકાત અનેક ગણી વધારે છે ! અપેક્ષાએ કહીએ તો ભૌતિક જગતમાં કે અધ્યાત્મ જગતમાં પુણ્યવિના બોલબાલા થતી નથી. પુણ્યની સહાયની દરેકને જરૂર રહે છે. પાપ કોઈને ઈષ્ટ નથી. ભૌતિક જગતનો માનવ હોય કે અધ્યાત્મજગતનો ફિરસ્તો હોય... દરેકને પાપ પ્રત્યે તિરસ્કારનો ભાવ હોય છે. પાપનો નિકાલ કરવા સૌનો પ્રયત્ન હોય છે. પાપનો જથ્થો ખાલી કરવા સૌની મથામણ હોય છે. પુણ્ય ક્યારેય ભારભૂત નથી લાગતું, જ્યારે પાપ સૌને ભારે જ લાગે છે. હા, પુણ્યથી મલેલી ભૌતિક સામગ્રી વિરાગી જીવોને ભારભૂત લાગે તે વાત જુદી છે.

આપણે તારક તીર્થોના વિચાર તરફ આગળ વધીએ. પાપ એ તાપ અને સંતાપરૂપ છે. તેને શમાવનાર તીર્થો પરમપવિત્ર શાંત-શીતલ ઝરણાં જેવાં છે ! જૈન-અજૈન તમામ લોકોની એક માન્યતા સમાન (કોમન) છે કે - પાપોને ધોવા માટે તીર્થયાત્રા છે. અફસોસની વાત ત્યાં આવે છે : જ્યારે તીર્થોમાંય જીવો પર્યટન કરવા આવતાં જોવા મળે છે. મોજ-મજા, ધીંગા મસ્તી કરતાં એ જીવો નજરે પડે છે. આવા જીવો પોતાનું અહિત તો કરે જ છે. સાથે તીર્થોની પવિત્રતાને ઝાંખપ લગાડે છે. તીર્થોનાં શાંત વાતાવરણને ડહોળે છે ! ચિંતાનો વિષય તો એ બને છે કે - પોતાને જ આરોગવાનો મજાનો દૂધપાક એ જીવો બગાડે છે, દૂષિત કરે છે. આરોગ્યપ્રદ એ દૂધપાક, એ જીવો માટે દુઃખ અને દુર્ગતિરૂપ બીમારીને નિમંત્રણ આપે છે. આવા વર્તનવાળા જીવોને જોઈ તીર્થભક્તો કે પ્રભુભક્તોનાં હૃદય વીંધાય



એ સ્વાભાવિક છે. હા, એ જીવો પ્રત્યે દ્વેષભાવ ન આવવા દે પરંતુ દિલમાં કરુણાનો આવિષ્કાર તો થાય જ ને ? મતલબ, એ જીવોને જોવાથી-એમનું આવું પાપકારી વર્તન જોવાથી સમજણવાળા જીવોને દ્વેષભાવ ભલે પેદા ન થાય પરંતુ ભાવદયાની લાગણી તો જન્મે જ !

તમામ તીર્થો કરતાં અનંતગુણ સામર્થ્યના ભંડાર સમું તીર્થાધિરાજ કહી શકાય.... અરે ! કહેવું જ પડે... એવું શત્રુંજયતીર્થ શાશ્વત હોવાના યોગે અને તેના અપૂર્વ પ્રભાવના કારણે સમજુ અને વિવેકી માનવોના દિલમાં ચિરપ્રતિષ્ઠિત હોય - થાય, એમાં કોઈ આશ્ચર્ય નથી. ત્યારે હજારો યોજન દૂર રહેલા સીમંધરસ્વામી જેવા આ તીર્થના અને એના જ યોગે ભરતક્ષેત્રના માનવોનાં ચાર મોંઢે વખાણ કરતા હોય... આ વર્તમાન ચોવીશીના તમામ તીર્થંકર ભગવંતો પણ બાર પર્ષદા સામે બેફાટ વખાણ કરી ગયા હોય... તો એમાં કાંઈ જ નવાઈ નથી. ત્રણ ભુવનમાં અને ચૌદ રાજલોકમાં આનો જોટો જડે તેમ નથી. આની તુલના કરવા માટે ચરાચર વિશ્વમાં કોઈ તીર્થ નથી !

શત્રુંજય માહાત્મ્ય, શત્રુંજયતીર્થકલ્પ, સારાવલીપયન્ના જેવા અનેકાનેક ગ્રંથોમાં તે તે ગ્રંથકારોએ આની તારકતા-પ્રભાવકતા અને મહિમા ગાવા માટે લાખો શ્લોકોનો સહારો લીધો છે... શ્રી પુંડરીકસ્વામીએ દેવ-માનવની મોટી સભામાં સવા લાખ શ્લોકના સહારે મહિમા વર્ણવ્યો હતો ! આગળ વધીને કહીએ તો તીર્થાધિપતિ શ્રીઋષભ દેવપ્રભુએ જ જણાવ્યું કે - હે પુંડરીક ! તારું કલ્યાણ (નિર્વાણ) મારી પાસે નથી, સિદ્ધાચલથી છે.. અને પુંડરીકસ્વામી પાંચ કરોડ મુનિવરો સાથે ચૈત્ર સુદ પૂનમે નિર્વાણ પામી તીર્થને ‘પુંડરીકગિરિ’ એવું નામાભિધાન આપી ગયા! તીર્થના મહિમામાં સહસ્રશઃ વધારો કરી ગયા !!

તીર્થોદ્ધારની રોમાંચક વાતો, આવા મહામહિમ ગરવા ગિરિરાજના છ‘રી’ પાલાક સંઘો, વિશિષ્ટ જિનાલયોનાં નિર્માણ, જિનભક્તિ-તીર્થ ભક્તિ, યાત્રા, જીર્ણોદ્ધાર આદિના ઐતિહાસિક પ્રસંગો તરફ સિંહાવલોકન કરવા જેવું છે. આ - અવસર્પિણીની વાત વિચારીએ તો સૌ પ્રથમ આદિનાથ પ્રભુનાં પાદુકાની સ્થાપના સૌધર્મેન્દ્રદ્વારા આ તીર્થ પર થઈ. તે પછી આ જ ઈન્દ્રની પ્રેરણાથી પ્રથમચક્રવર્તી

અને ઋષભદેવના પ્રથમપુત્ર ભરત મહારાજાના હાથે ૮૪ મેઘનાદ મંડપવાળું વિશાળ જિનાલય ગિરિરાજની સર્વોચ્ચ ટોચ પર-મરુદેવા ટૂક પર નિર્માણ પામ્યું. અલબત્ત, ભલે એ મંદિર આજે નથી પરંતુ તેમણે - ભરાવેલી પ્રતિમા આજેય પશ્ચિમ દિશાની સુવર્ણગુફામાં હયાત છે ! એનાં દર્શન દુર્લભ છે. અઠ્ઠમાદિ તપ-જપ સાથે દેવસાંનિધ્યથી એ જગતનું મોહન કરનારી પ્રતિમાનાં દર્શન પ્રાપ્ત થઈ શકે છે.

કાળક્રમે એ જિનાલયો જીર્ણ થતાં જીર્ણોદ્ધારની આવશ્યકતા ઊભી થઈ.... તે તે કાળે એ જીર્ણ જિનાલયોનો જીર્ણોદ્ધાર કરવામાં માત્ર માનવો જ નહિ, રાજા-મહારાજાઓ તથા કેટલાક ઈન્દ્રોએ પણ જીર્ણોદ્ધારનો લાભ ઉઠાવ્યો છે. શાસ્ત્રકાર જણાવે છે કે - નવાં ચૈત્યનાં નિર્માણ કરતાં જીર્ણોદ્ધારમાં આઠગણો લાભ (પુણ્ય) થાય છે અને એની આગામી કેટલીય પેઢીઓનો (વંશનો) એ ઉદ્ધારક બને છે.

ચોથા આરામાં આવા ૧૨ જીર્ણોદ્ધાર થયા છે. તેના મહાપુણ્યોપાર્જક ભવ્યાત્માઓનાં નામ જાણી લો. ૧. પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવના તીર્થમાં, તેમના પુત્ર ભરત મહારાજા ૨. ભરતરાજાના આઠમા વંશે થયેલા દંડ વીર્યરાજા ૩. શ્રીસીમંધરપ્રભુના ઉપદેશથી ઈશાનેન્દ્ર. ૪. માહેન્દ્ર નામના ચોથા દેવલોકના ઈન્દ્ર. ૫. પાંચમા દેવલોકના બ્રહ્મેન્દ્ર ૬. ચમરેન્દ્ર (ચમરચંચાનો અધિપતિ, જે પાતાળ લોકમાં રહે છે) ૭. બીજા અજિતનાથ ભગવાનના તીર્થમાં સગર ચક્રવર્તી ૮. વ્યંતરેન્દ્ર ૯. આઠમા તીર્થંકરભગવંતના કાળમાં ચન્દ્રયશા રાજા ૧૦. શ્રીશાંતિનાથપ્રભુના તીર્થમાં તેમના જ પુત્ર ચક્રાયુધ. ૧૧. વીશમા તીર્થપતિના શાસનમાં શ્રીરામચન્દ્રજી (રામાયણયુગમાં) ૧૨. શ્રીનેમિનાથભગવાનના શાસનમાં પાંચ પાંડવો. આ મોટા-મોટા ઉદ્ધારની હકીકત છે. નાના નાના ઉદ્ધાર તો ઘણા થઈ ગયા.

તેરમો ઉદ્ધાર પાંચમા આરામાં વિ.સં.૧૦૮ માં જાવડશાહદ્વારા થયો. તેનું સંક્ષિપ્ત વર્ણન રાસમાળા (ગુજરાત ગ્રંથ)ના આધારે અહીં રજૂ કરવામાં આવ્યું છે. અલબત્ત, આ રાસમાળાના આધારે લખાયેલા 'શ્રીશત્રુંજયતીર્થનો વર્તમાન (૧૬મો) ઉદ્ધાર અને શ્રીકર્માશાહ ચરિત્ર' પુસ્તકનો મુખ્ય આધાર લેવામાં આવ્યો છે. આ પુસ્તિકાના સંપાદક અને અનુવાદક ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ છે



તો પ્રકાશક શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર છે. વિ.સં.૧૯૯૨ માં આ પુસ્તિકા પ્રસિદ્ધ થઈ હતી.

પં.શ્રીવીરવિજયજી મ.રચિત '૯૯ પ્રકારીપૂજા' ની પાંચમી ઢાળમાં આ ઉદ્ધારની વાત કરી છે. એની પ્રથમ ઢાળમાં ૯૯ યાત્રાની વિગત અને મહિમા જણાવેલ છે. સાથે દરેક ઢાળમાં સિદ્ધગિરિનાં નવ-નવ નામોનો ઉલ્લેખ કરી અગિયાર ઢાળમાં ૯૯ નામ પૂરાં કર્યાં છે. બીજી ઢાળમાં ગિરિવરનાં દર્શન વિરલ જીવો જ પામી શકે છે. દેવ-નર-મુનિઓએ મળીને વિધવિધ નામોની સ્થાપના કરી છે. (તે તે પ્રસંગાદિ કે મહિમા-પ્રભાવની અનુભૂતિના આધારે તે તે નામો પાડવામાં આવ્યાં છે.) આ ગિરિરાજ પર રત્નોની ખાણ, અદ્ભુત જડીબુટ્ટીઓ, વિશિષ્ટ ગુફાઓ, સુવર્ણસિદ્ધિ, રસકુંપિકાઓ વગેરે છે. પુણ્યવંતને જ આ બધું પ્રાપ્ત થાય... આ ગિરિવરની યાત્રાનો લાભ, પાપક્ષયની તાકાત વગેરેની વિરલવાતો કરી છે.

ત્રીજી ઢાળમાં આ સવસર્પિણીમાં છએ આરામાં સિદ્ધગિરિનું પ્રમાણ કેટલું હતું - છે - રહેશે ? તેની વાત કરી તેની ભક્તિ ક્યારે પ્રાપ્ત થાય તેવી દુર્લભતાનું વર્ણન કર્યું છે. ચોથી ઢાળમાં દુહામાં શત્રુંજી નદીના જળથી નાહી પૂજાની રીત બતાવી છે. ઢાળમાં વ્હાલાને (પ્રેમ હોય તો) કાંઈ જ દૂર નથી... એમ કહી અવસર્પિણીના ૧૨ ઉદ્ધારનો ઈતિહાસ છ કડીમાં દર્શાવ્યો છે. તેમાં ૧૨ મો ઉદ્ધાર કરનાર પાંચ પાંડવો આ જ ગિરિવરથી મુક્તિપદ વર્યાની વાત કરી છે.

પાંચમી ઢાળમાં ૧૩-૧૪-૧૫-૧૬ મા ઉદ્ધારની હકીકત ટૂંકમાં વર્ણવી છે. (૧૭ મો ઉદ્ધાર દુપ્પસહસૂરિ મ.ના ઉપદેશથી વિમલવાહન રાજા કરાવશે, એ વાત પણ આવરી લીધી છે.) છઠ્ઠી ઢાળમાં-દુહામાં જણાવે છે કે - આ ગિરિનું શરણ કરી મુનિ અને ગૃહસ્થલિંગે (વેષે)અનંત જીવો સિદ્ધ થયા છે અને ભવિષ્યમાં થશે, એમ જણાવ્યું છે. ઢાળમાં ભરત મહારાજાએ ભરાવેલી જગતને મોહની લગાડનાર પ્રતિમાની વાત મૂકી છે, જે રત્નની છે. છ ઉદ્ધારસુધી તો આ જ પ્રતિમા ગિરિવર પર મરુદેવાટૂંકના મુખ્ય જિનાલયમાં પૂજાઈ. સાતમા ઉદ્ધાર સમયે ચક્રવર્તી સગરના પુત્રોએ (અથવા ચક્રવર્તી તથા દેવોએ) ભાવિ દુષમ કાળનો વિચાર કરી ગુફામાં પધરાવી દીધી. ત્યાં આજે પણ દેવ-દેવીઓ આવી ઠાઠથી પૂજા કરે છે. અપ્સરાઓ નૃત્ય કરે છે, જેને જોવા ઈન્દ્ર પણ ઊભા રહી જાય છે. વળી, આગળ વધીને જણાવે

છે કે - જો દેવના સાંનિધ્યથી આ પ્રતિમાનાં દર્શન થઈ જાય તો (મનુષ્ય જાતે ત્યાં જઈ શકે તેમ નથી. કોઈ દેવ લઈ જાય તો જ દર્શન શક્ય બને) ત્રીજે ભવે મોક્ષ મળી જાય ! આ વાત કરી છેલ્લે જણાવે છે કે - પશ્ચિમ દિશાની સુવર્ણગુફામાં હાલ પધરાવેલી હોવાથી આ ગિરિનું એક નામ (૪૬ મું) સુવર્ણગિરિ રાખવામાં આવ્યું છે.

સાતમી ઢાળમાં નમિ-વિનમિ વિદ્યાધર બે ક્રોડ સાથે આ ગિરિના આલંબનથી મોક્ષે ગયાની વાત તથા નમિની ૬૪ પુત્રી તથા નમિ-વિનમિનો અધિકાર આપ્યો છે. આઠમી ઢાળના દુહા ને ઢાળમાં કોણ, કેટલા સાથે આ ગિરિપરથી મુક્તિ વર્યા, તેની સંક્ષિપ્ત યાદી આપી છે, એમાંય ભરતરાજાની પાટ પરંપરામાં અજિતનાથ ભગવાન સુધીના પચ્ચાસ લાખ કોડ સાગરોપમના કાળમાં અસંખ્ય રાજાઓ થયા... તે તમામ આ ગિરિવરની ભૂમિથી જ મોક્ષે ગયા છે. (એક પણ રાજા દુર્ગતિમાં નહીં, કાં મોક્ષ, કાં તો સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયા. સર્વાર્થસિદ્ધ વાસી દેવો આગામી ભવે મોક્ષે જશે)

નવમી ઢાળમાં પણ અહીં મુક્તિરમણીને વરનારા ભાગ્યશાળીની યાદી જ આગળ વધારી છે. દશમી ઢાળમાં શરૂઆતમાં અહીં મોક્ષે જનારની વાત કરી ગિરિરાજનાં નામોનો પ્રભાવ બતાવ્યો છે. તે જ રીતે ગિરિરાજના પ્રભાવે શુકરાજા તથા ચંદરાજા (કુકડો મરી પુનઃ માનવ) થયાની વાત કરી ગિરિરાજના ધ્યાનનું ફળ બતાવ્યું છે. ચાર દોષ ટાળી, વિષયરૂપી ડાળીઓ છોડી, મૂળ (બ્રહ્મ) ને વળગવાની વાત મૂકી છે.

છેલ્લી અને અગિયારમી ઢાળમાં તીર્થની આશાતના ન કરવી, કરે તો ધનહાનિ, ભૂખ-તરસની પીડા, રોગ-બીમારી-પરભવે નરક વગેરેની હકીકત વર્ણવી છે. અંતે આ ગિરિરાજની-તીર્થ-તીર્થાધિપતિની સેવાથી કેવાં સુંદર ફળો મળે છે; તેની વાત કરી ઢાળ પૂરી કરી છે.

કળશમાં કેટલીક ઉપમાઓ આપી ગિરિનો મહિમા ગાઈ, પોતે નવ્વાણું યાત્રા કરી તેનું વર્ણન કર્યું છે. સાથે શેઠ હેમાભાઈના હુકમે મોતીચંદ મલુકચંદની આગેવાનીમાં સંઘની સુંદર યાત્રા-આરાધના થઈ, એમ જણાવી કોની પરંપરામાં આ વીર વિજયજી મહારાજે પૂજા રચી તે જણાવ્યું છે. શ્રીશુભ વિજયજી ગુરુની



કૃપાથી શ્રુતચિંતામણિ પ્રાપ્ત કરી વિ.સં. ૧૮૮૪ ચૈત્રસુદ પૂનમે આ પૂજાની રચના કરી, એમ કવિવર પોતે જણાવે છે.

હવે મૂળ વાત પર આવીએ. તેરમા ઉદ્ધારના પુણ્યોપાર્જક પરિવારનો પરિચય લઈએ.

ભારત દેશમાં જેનો સંવત્સર પ્રસિદ્ધ છે, તેવા મહારાજા વિક્રમાદિત્યનું શાસન ચાલતું હતું. મહાપરાક્રમી અને સાત્ત્વિક એ રાજાએ વેતાલ પર વિજય મેળવ્યો હતો. તે જ રીતે સુવર્ણપુરુષ પ્રાપ્ત કર્યો હતો. સમગ્ર દેશની પ્રજાને તેણે ઋણમુક્ત કરી હોવાથી જ તેનો સંવત્સર પ્રવર્ત્યો છે. તે સમયમાં ભાવડ નામનો એક દરિદ્ર શ્રાવક, ભાવલા નામની પત્ની સાથે કાંપિલ્યપુરનગરમાં રહેતો હતો. પુણ્યયોગે બે મુનિવરો તેમને ત્યાં ભિક્ષા વહોરવા પધાર્યા. ભાવલાએ ભાવથી નિર્દોષ આહાર વહોરાવ્યો. ત્યારબાદ પોતાની દરિદ્રાવસ્થા અંગે પ્રશ્ન પૂછ્યો. જવાબમાં એ મુનિવરોએ, પરિવારના ભાવિને જાણી કહ્યું: તમારા ઘરે એક ઉત્તમ જાતિની ઘોડી વેચાવા માટે આવશે, તે તમારે ખરીદી લેવી, તેના આગમનથી તમારી દરિદ્રાવસ્થા દૂર થઈ જશે. આ વાત ભાવલાએ ભાવડ શ્રાવકને કરી.

થોડા જ દિવસમાં લક્ષણયુક્ત ઘોડી વેચાવા આવી. ખરીદ કર્યાબાદ ઉત્તમ સંભાળ રાખવા માંડી. માનવોની જેમ તિર્યંચોમાંય ઉત્તમ લક્ષણો હોય છે. તેનાથી માનવનેય લાભ થાય છે. તે જ રીતે કુલક્ષણવાળા પ્રાણીઓથી નુકશાન પણ થાય છે. પંચેન્દ્રિયની જ વાત નહીં, એકેન્દ્રિય જેવા જીવો એટલે અમુક પ્રકારનાં વૃક્ષો જો ઘરના આંગણામાં હોય તો લાભ થાય, તે જ રીતે કાંટાવાળાં, દૂધાળાં ઝાડ-છોડ નુકશાનકારક પણ થાય છે. કેટલાંકવૃક્ષોની છાયા ઘર પડે તોય નુકશાન કરે છે. જેમ જિનાલયની ધ્વજાનો પડછાયો દિવસના બીજા કે ત્રીજા પ્રહરમાં ઘર પડે તો એ હાનિકારક ગણાય છે. કેટલીક વાર શુકનવાળા (શુભકર્મના-પુણ્યના ઉદયવાળા) જીવો ઘરમાં જન્મ લે અને ઘરની ઉન્નતિ થાય છે, તે જ રીતે પાપના ઉદયવાળો જીવ આવી જાય તો કુળનો નાશ કરનારો થાય છે. એક પુણ્યશાળી માત્ર પરિવારને જ નહિ, ગામ-નગરને જ નહિ, પૂરા રાજ્ય કે દેશને આબાદ કરી શકે છે. તો એક જ માણસ દેશને બરબાદ પણ કરી શકે છે. એક જ માનવના કારણે ક્યારેક સમગ્ર દેશ વિનાશના માર્ગે ધકેલાઈ જાય છે... આ વાતના ઇતિહાસમાં ઘણા દાખલા મળે છે.

થોડા જ સમયમાં એ જાતિવંત ઘોડીએ લક્ષણવંત ઉત્તમ અશ્વને જન્મ આપ્યો. યોગ્ય વયે પહોંચતાં જ એ ઘોડો રૂપિયા ત્રણ લાખમાં એક રાજાને વેચ્યો. મોટી રકમ આવતાં ભાવડે એમાંથી ઘણા સારા સારા લક્ષણયુક્ત ઘોડા ખરીદ્યા. સારી રીતે તૈયાર કરી રાજા વિક્રમાદિત્ય પાસે ગયો. રાજાએ એ ઘોડાના મૂલ્ય તરીકે મધુમતી (મહુવા) ગામ ઇનામમાં ભેટ ધર્યું.

બીજી તરફ ભાવડને ભાવલાથી એક પુત્રરત્નનો જન્મ થયો. જાવડ નામ રાખવામાં આવ્યું. કાળના અવિરત વહેતા પ્રવાહમાં, સંસારના નિયમ પ્રમાણે જન્મ જીવન અને મરણની શૃંખલા ચાલ્યા જ કરે છે, તે મુજબ ભાવડનું સ્વર્ગગમન થયું. હવે જાવડ, પિતાની મિલકતનો માલિક બન્યો.

સંસારની ભૂમિમાં ચઢતી-પડતી, ઉથલ-પાથલ સર્જાતી જ રહે છે. સૌરાષ્ટ્ર, બાદ-કચ્છ વગેરે રાજ્યો પર મ્લેચ્છોએ દરિયાઈ માર્ગે આવી ખૂબ મોટી લૂંટ ચલાવી, તેમાં સંપત્તિને લૂંટવા સાથે કેટલાંક બાળકો અને સ્ત્રી-પુરુષોનેય લૂંટી પોતાના દેશમાં લઈ ગયા. દુર્ભાગ્યે જાવડનોય નંબર એમાં લાગી ગયો, જાવડ બુદ્ધિશાળી-બાહોશ વ્યાપારી હતો, પોતાની બુદ્ધિના બળે હોંશિયારી વાપરી, મ્લેચ્છો (અનાર્યો) ને પ્રસન્ન કરી સ્વતંત્ર વ્યાપાર કરવા લાગ્યો. અનાર્યભૂમિમાંય પોતાના રાજ્ય-ગામની જેમ જૈનધર્મનું પાલન કરતો હતો. ત્યાં જિનભક્તિ માટે એક સુંદર જિનાલય બનાવ્યું. પરદેશથી ત્યાં આવનાર જૈનોને અને સામાન્ય માનવોને જાવડ સુંદર આવકાર આપવા પૂર્વક તમામ પ્રકારની સહાય પૂરી પાડતો. આ કારણે ત્યાં ઘણો મોટો જૈન સમુદાય ભેગો થયો. મહાભાગ્યયોગે એક મુનિવર ત્યાં જઈ પહોંચ્યા. 'ભાગ્યશાળીને ભૂત રળે' એ ન્યાયે મુનિવરને જોતાં જાવડ રોમાંચિત થઈ ગયો. હર્ષોલ્લાસ સાથે મુનિવરનો સત્કાર કર્યો. સામાન્ય માનવને કે જૈન શ્રાવકને આવકારનાર જાવડ, મુનિવર માટે તો શું ન કરે ?

પ્રસંગોપાત તે મુનિવરે શત્રુંજયતીર્થની કથળેલી સ્થિતિથી જાવડને વાકેફ કર્યા. અનાર્ય ગણાતા મ્લેચ્છોએ કરેલ તીર્થનાં નુકશાનની વાત કરી. એટલું જ નહિ, પુનરુદ્ધાર કરવાની આવશ્યકતા જણાવી. જિનભક્ત - તીર્થભક્ત જાવડે તે વાતને માથે ચઢાવી. તે માટે એક મહિનાની તપશ્ચર્યા કરી ચક્રેશ્વરી દેવીની આરાધના કરી. દેવી પ્રસન્ન થઈ. આવાં કાર્યોમાં સાસન દેવ-દેવી સહાય કેમ ના કરે ? આદિનાથ પ્રભુનાં અધિષ્ઠાયિકા હોવાના નાતે તો વિશેષ આનંદિત થયેલાં



ચક્રેશ્વરીએ જણાવ્યું કે - તક્ષશિલા નગરીમાં જાઓ. ત્યાં જગન્નમલ્લ રાજા પાસે જઈ, ત્યાં ધર્મચક્રના અગ્રભાગમાં રહેલ અરિહંત પરમાત્માના બિંબને ગ્રહણ કરી શત્રુંજયપર્વત પર સ્થાપના કરો.

ચક્રેશ્વરી દેવીના અમોઘ વચન પ્રમાણે જાવડ તક્ષશિલા નગરીમાં પહોંચ્યો, ત્યાંના જગન્નમલ્લ રાજાની આજ્ઞા લઈ, ધર્મચક્રમાં રહેલી શ્રી અદિનાથ પ્રભુની પ્રતિમાને ત્રણ પ્રદક્ષિણા આપી. મહોત્સવપૂર્વક એ પ્રતમાજીને મધુમતી (મહુવા) ગામમાં લઈ આવ્યો. જાવડે વર્ષો પહેલાં મ્લેચ્છ દેશમાંથી ઘણાં વહાણો ભરીને માલ ચીન વગેરે દેશોમાં મોકલ્યો હતો, તે સમદ્ર માર્ગે ફરતાં ફરતાં મહુવાના બંદરે આવી પહોંચ્યો !! પુણ્યશાળીને તો દરેક ઠેકાણે ઘી-કેળાં જ હોય ને ? તે આવેલાં વહાણો - મોકલેલો માલ વેચાયો, તેના બદલામાં સુવર્ણ ભરીને લાવ્યા હતા ! આ વાતની જાણ થતાં જાવડના દિલમાં વિશેષ આનંદ થયો. તમામ વહાણોનું સુવર્ણ મહુવામાં ખાલી કરાવ્યું.

જૈન સંઘના મોભી અને યુગપ્રધાન આચાર્યશ્રી વજસ્વામી યોગાનુયોગ મહુવામાં જ પધાર્યા હતા, તેઓની નિશ્રામાં જાવડશાએ સિદ્ધાચલનો મોટો છ'રી' પાલક સંઘ કાઢ્યો. તક્ષશિલાવાળી શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમા સાથે લીધી. સંઘ ગિરિરાજની ગોદમાં પહોંચ્યો. શ્રીસંઘના નિશ્રાદાતા વજસ્વામી સાથે જાવડશા પણ મોટા સંઘ સાથે ગિરિરાજ ઉપર ચઢવા લાગ્યા. રસ્તામાં અસુરોએ કેટલાક ઉપદ્રવો કર્યા. ઘણાં વિઘ્નો ઊભાં કર્યા. એ ઉપદ્રવો અને વિઘ્નોને આચાર્યશ્રી વજૂસ્વામીએ પોતાની સંયમ-તપાદિની શક્તિથી દૂર કર્યાં. ગિરિવરના શિખર પર પહોંચ્યા.. ત્યાં જોયું તો સ્થળે સ્થલે હાડકાં વગેરે અપવિત્ર પદાર્થોની ભરમાર હતી. જિનાલય પર તો બેશુમાર ઘાસ ઊગી ગયું હતું ! શિખર વગેરે તૂટી-ફૂટી ગયાં હતાં. તીર્થની આવી અવદશા-બેહાલ જોઈ સંઘ, સંઘપતિ વગેરેને આઘાત લાગ્યો.

સૌ પ્રથમ તો સંઘપતિ જાવડશાએ તમામ અપવિત્રતા દૂર કરાવી ભૂમિને શુદ્ધ કરાવી. શત્રુંજી નદીનાં પવિત્ર નીર મંગાવી સર્વ સ્થાને પ્રક્ષાલન કરાવ્યો. પવિત્રતા ઊભી કર્યાબાદ જિનાલયનું યોગ્ય સમારકામ કરાવી સાથે લાવેલ તક્ષશિલાવાળી પ્રતિમાની ત્યાં સ્થાપના કરી.

(ક્રમશ:) ધ

## ★ અનુમોદનાનો અમૃતથાળ ★★★

**સંકલન**

આગમ-શિલ્પ-વિધિવિધાનવિશારદ પૂજ્યપાદ આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠા.૨ તથા પ્ર.પૂ.સાધ્વીજીશ્રી ભદ્રિકાશ્રીજી મ.આદિ ઠા.૪ ની લોકડાઉનના સમયમાં ૭૫ દિવસની સ્થિરતા તિરુપાત્તુરમાં રહીં. કુદરતી યોગાનુયોગ ત્યાં પહોંચ્યા ને સૌ પ્રથમ જનતા કર્ફ્યુ જાહેર થયો. ત્યારબાદ લોકડાઉનની જાહેરાત થઈ. શ્રીસંઘના આગ્રહથી અને કોરોના મહામારીના કારણે સ્થિરતા લંબાતી ગઈ.

ત્યાંની સ્થિરતા દરમિયાન રોજ ભિન્ન-ભિન્ન મહાપ્રભાવિક જિનભક્તિનાં સ્તોત્રો તથા મંત્રોનાં માધ્યમથી અખંડધારા-અભિષેકનો કાર્યક્રમ ચાલુ રહ્યો. તેના પ્રભાવે ગામમાં આવેલો એક કેસ સુધરી ગયો. નવા લગભગ કોઈ કેસ ન આવ્યા! જિલ્લામાં આવેલા ૨૮ કેસ પણ સારા થઈ ગયા. રોજ બાળકો સૂત્ર-અર્થ વગેરેના અધ્યયન માટે આવતાં. તે જ રીતે મોટાભાઈઓ પણ જ્ઞાનાર્જન માટે આવતા. જીવવિચારના અર્થ કરાવાયા. જનરલ નોલેજ (ધાર્મિક) પણ અપાયું. ભૂખ્યાને ઘેબર મળે, તરસ્યાને શીતલ જળ મળે ને જે આનંદ થાય તેવો આનંદ સૌએ અનુભવ્યો !

રોજ કવાડ પરિવારના ઘરે થતાં પ્રવચનોએ કૈંક જીવોના આત્માની કાયા પલટ કરી ! ઘણાં ઘણાં પાપોને આ પરિવારના સભ્યોએ તિલાંજલિ આપી... આ પરિવાર મોટો છે. દર ચૌદસે લગભગ પંદરેક ઉપવાસ તો થાય જ છે. ભક્તિવંત આ પરિવારની સુવાસ ચારે બાજુ ફેલાયેલી છે. પહેલી જ વાર પૂ.ગુરુદેવનું આગમન થતાં પરિચય ન હોવા છતાં જાણે વર્ષોનો પરિચય હોય તેવું વાતાવરણ ખડું થયું. એમાંય યુવાન વર્ગ મોટી સંખ્યામાં જોડાયો ! પરિવર્તનનો પવન ફૂંકાયો. પૂજ્ય ગુરુદેવના જ્ઞાનપ્રત્યે આ પરિવાર; આશ્ચર્ય સાથે નતમસ્તક બની ગયો. કેટલાક ભાવિકજીવો વર્ષીતપ કરે છે, તો કેટલાક વીશસ્થાનકનો તપ કરે છે. એક ભાગ્યશાળી તો શ્વાસની તકલીફ હોવા છતાં ૨૨૯ છઠ્ઠ કરી રહ્યા છે. આર્થિકરીતે સંપન્ન હોવા છતાં અભિમાન નથી. વર્ષીતપમાં કેટલાક યુવાનો સજોડે જોડાયા છે.

લોકડાઉનમાં દુકાનો બંધ હતી તેટલા દિવસ રોજ લગભગ બધા જ પુણ્યશાળીઓ (નાનાં બાળકો સિવાય) બંને ટાઈમ પ્રતિક્રમણ કરતા. દિવસે પણ



સામાયિક-સ્વાધ્યાય સારો થતો. પૂજ્યશ્રીનાં પ્રવચનોથી વિશેષ રંગ લાગ્યો. એક યુવાને તો ૭૨-૭૫ દિવસનાં લગભગ ૪૦૦ સામાયિક કર્યાં ! કેટલાકે ૩૦૦-૩૫૦ કર્યાં. દોઢ વર્ષ પૂર્વે તેમના પરિવારના વડીલ ગૌતમચંદજી કવાડ ગુજરી ગયા.... તેમણે ગામમાં ઘણાને ધર્મમાર્ગે જોડ્યા હતા. સાત્ત્વિકતા તેમનામાં જોવા મળતી. બાજુના તેનમપેટ ગામમાં જમીનમાંથી પ્રગટ થયેલા શ્રીપાર્શ્વનાથપ્રભુનું જિનાલય બનાવરાવ્યું. તે ગામના ૫-૬ તમિલપરિવારોને જૈન બનાવ્યા. તેમાં એક બહેન રોજ પાઠશાળા ચલાવે છે. પોતાનાં તથા બીજાનાં બાળકોને ધાર્મિકસૂત્રો - જિનદર્શન પૂજનની વિધિ વગેરે શીખવાડે છે. એક પરિવાર તો ચુસ્ત જૈન ધર્મ પાળે છે. રાત્રિભોજન પણ નથી કરતો. રોજ જિનાલયમાં સ્નાત્ર તથા પૂજા ભણાવે છે. પૂજ્ય ગુરુદેવ પણ ત્યાં એક દિવસની સ્થિરતા કરીને પ્રત્યક્ષ જોઈ આવ્યા. ત્યાં નાની પાંજરાપોળ પણ ચાલે છે.

આ ગૌતમચંદજી કવાડનું તામિલનાડું - કર્ણાટકમાં સારું નામ ગણાય છે. કવાડ પરિવારમાં હાલ નવ ભાઈઓ છે. તેના વિસ્તાર લગભગ ૫૦ ઉપર છે. તેમાં એક ભાઈ બેંગલોર, એકભાઈ ચેન્નઈમાં રહે છે. બાકીના ભાઈઓ તિરુપાત્તુર માં જ રહે છે. પરિવાર ત્રણ જગ્યાએ વહેંચાયેલો હોવા છતાં ધંધાપાણી જોઈન્ટમાં ચાલે છે ! પરિવારબળની જેમ પૈસાનું બળ છે તે જ રીતે ધર્મબળ પણ પરિવારમાં આંખે ઊડીને વળગે એવું જોવા મળે છે. નવ ભાઈઓના કાકા ગણાતા ગૌતમચંદજી દોઢ વર્ષ પૂર્વે જ કાળ ધર્મ પામ્યા છે. તે પરિવાર પણ બધો સંયુક્ત જ છે. એ કાકાના બે દીકરા, નવ ભાઈઓની સાથે જ જોડાયેલા છે. પરિવારમાં નાના-મોટાનો વિનય-વિવેક પણ ખૂબ સારો જોવા મળે છે. વડીલના નિર્ણયને બધા જ આવકારે છે. અલબત્ત, વડીલ દ્વારા લેવાતા નિર્ણયો પણ વજુદવાળા હોય છે.

પૂજ્યશ્રીની તિરુપાત્તુરમાં સ્થિરતા દરમિયાન તેઓશ્રીની ૪૨મી દીક્ષાતિથિ આવી તે દિવસે લોકડાઉનના કારણે બીજું કાંઈ ન થઈ શકે, તેથી સવારે અખંડધારા અભિષેક સમયે ૨૦-૨૦ રૂ.ની પ્રભાવના કરી. ઉપરાંત પ્રવચનમાં ૫૦-૫૦ રૂ.ની પ્રભાવના કરી. તે ઉપરાંત ખાસ ગીત-ગહુંલી ગાઈને સંયમ - જીવન ધર્મની અનુમોદના કરી. (તે ગહુંલી નીચે આપી છે એ સિવાય કેટલાક પુણ્યશાળીઓએ પૂજ્યશ્રીના જ્ઞાન-સ્મરણશક્તિ-સ્વાધ્યાય પરોપકારવૃત્તિ વગેરેને બિરદાવ્યા... અમારો પરિવાર આપના અગણિત ઉપકારોને ક્યારેય નહીં ભૂલે..એક

આચાર્યભગવંત કરુણા કરીને અમારા ઘરે આવી ૭૦-૭૦ દિવસ પ્રવચન આપે.. આ નાની સૂની વાત નથી... વગેરે વાતો ખૂબ જ હૃદયસ્પર્શી શબ્દોમાં કરી હતી. તેમાં સૌથી નાના લલિતભાઈએ તો ઘણીવાર અનુમોદના કરી હતી. વળી, આ પરિવારના તમામ યુવાનો પણ પૂજ્યશ્રીના જ્ઞાન અને પ્રવચન માટે ઓવારી ગયા હતા.

**પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયાઃ**

એક વાર પ્રવચનમાં 'ભવોભવના પુદ્‌ગલ વોસિરાવવા' ની વાત નીકળી. તરત જ એ વાતને સભાએ ઝીલી લીધી. એ પ્રોગ્રામ પણ નાણ માંડવા પૂર્વક કરાવ્યો. તેમાં લગભગ ૮૦ ભાવિકો જોડાયા ! દરેક ને રૂ.૨૦૦-૨૦૦ ની પ્રભાવના અપાઈ. તે દિવસે પણ એ ભાવિકોએ પોતાનાં ઘણાં કર્મોનો ભાર હળવો થયાનો અહેસાસ કર્યો. એ દિવસ હતો : વિ.સં.૨૦૭૬ જે.સુ.૮ તા.૩૦-૫-૨૦૨૦ શનિવાર.

**રજત જયંતી :** 'તિરુપાત્તુર' ના આભૂષણ સમા શ્રીશંખેશ્વરપાર્શ્વનાથ જિનાલયની પ્રતિષ્ઠાને જે.સુ.૧૨ તા.૩-૬-૨૦૨૦ બુધવારે ૨૫ વર્ષ પૂરા થતાં હોવાથી સિલ્વર જ્યુબિલી ઠાઠ-માઠથી ઉજવવાની શ્રીસંઘની ભાવના હોવા છતાં કોરોના મહામારીના નિયમોને આધીન રહી સાદગી પૂર્ણ ઉજવવાનો નિર્ણય લેવાયો. અલબત્ત, દિલના ભાવોમાં સાદગી નહોતી, ભાવો તો આભઊંચા હતા, તેમાં વળી વિધિવિધાનમર્મજ્ઞ પૂ. ગુરુદેવનું માર્ગદર્શન મળ્યું. સોનામાં સુગંધ ભળી.

એ દિવસે પહેલાં સવારે (સૂર્યોદય સમયે) અખંડધારા અભિષેકનું અનુષ્ઠાન થયું. આજે પૂજ્યશ્રીનો વિહાર પણ હતો. તેથી એ વિહાર નિર્વિઘ્ને થાય એવા મનોરથ સાથે આ અભિષેક થયા.

ત્યારબાદ સત્તરભેદી પૂજા ભણાવાઈ. નવમી ધ્વજપૂજા ભણાવ્યાબાદ ત્રણ પ્રદક્ષિણા વગેરે વિધિ થયો. ત્યારબાદ શિખર ઉપર મંત્રોચ્ચાર અને ૐ પુણ્યાહં.... વગેરેના સૂર-નાદ વચ્ચે અને જયજયકાર વચ્ચે ધ્વજારોહણ પર્વ ઉજવાયું. એની ખુશાલીમાં શિખરપરથી ધ્વજાના કાયમી લાભાર્થી કવાડ પરિવારે અક્ષત-ફૂલ - રજત-સુવર્ણના ફૂલ, રજતમુદ્રા - ચલણી સિક્કા વગેરેની શિખર પરથી જ વૃષ્ટિ કરી હતી!

નીચે આવ્યાબાદ વિહારપૂર્વેનું અંતિમ પ્રવચન થયું. મોટી શાંતિ સંભળાવાઈ. વિદાયગીત ગવાયું. સૌની આંખો અશ્રુભીની થઈ ગઈ હતી. પૂજ્યશ્રીએ જણાવ્યું કે - આ વિદાય નહીં, વિજય છે. અમારી વિહારયાત્રા સુખપૂર્વક થાય એવી ભાવના



ભાવજો. પ્રભાવના વગેરે થયા બાદ સૌની વિદાય થઈ.

સાંજે ૫-૦૦ કલાકે પૂજ્યશ્રીના વિહાર પૂર્વે જ લગભગ સોથી અધિક ભાવિકો વળાવવા માટે ઉપસ્થિત થઈ ગયા હતા ! અંતિમ માંગલિક સંભળાવી પૂજ્યોએ વિહાર કર્યો.

તમિલનાડુ-કર્ણાટકની સરહદ વટાવી બેંગલોર તરફ આગળ વધ્યા. કોરોના મહામારીના કારણે સરહદ વટાવવાનું કપરું કાર્ય પણ દેવ-ગુરુની કૃપાથી સરળ થઈ ગયું. ક્યાંય કોઈ મુશ્કેલી નડી નથી. કોઈ પૂછ-પરછ પણ થઈ નહોતી. સુશીલધામ (બેંગલોરનું નાકું) પહોંચ્યા. ત્યા મૈસૂર સંઘના ટ્રસ્ટીઓ - ભાગ્યશાળીઓ મોટી સંખ્યામાં ચોમાસા માટે પધારવા અને વિહારની આગળની તૈયારીઓ માટે આવી ગયા. વિહારની તમામ વ્યવસ્થાનું આયોજન કરી. સાથે શ્રાવકોને રાખી વિહાર કરાવ્યો. બેંગ્લોર જયનગર, કંગેરી, મંડ્યા વગેરે થઈ અષાઢ સુદ ૭ તા.૨૭-૬-૨૦૨૦ શનિવારે મૈસૂર ગામની નજીક પહોંચી ગયા. અષાઢ સુદ ૮ તા.૨૮-૬-૨૦ રવિવારે ગામબહારના શ્રીમહાવીર જિનાલય જુહારી ૯-૧૫ કલાકે નગર પ્રવેશ કર્યો. બહેનોએ શુકન આપ્યા. અષાઢ સુદ ૯ તા.૨૯-૬-૨૦ સોમવારે ગામમાં મહાવીર ભવનમાં પ્રવેશ કર્યો. કોરોના (કોવિદ-૧૯) વાયરસના સરકારી નીતિ-નિયમો તથા સુરક્ષાની દ્રષ્ટિને ધ્યાનમાં રાખી પ્રવચન - વાચનાદિ થશે.

મૈસૂર ગામ મોટું છે. કર્ણાટક તથા તામિલનાડુ (ચેન્નઈવગેરે) ભૂતકાળમાં મૈસૂર સ્ટેટ તરીકે ગણાતું હતું. વર્તમાનમાં કર્ણાટક-તામિલનાડુ અલગ થઈ ગયાં. કર્ણાટકની રાજધાની બેંગલોર ગણાય છે. મૈસૂર તે જ કારણે મહેલોની નગરી ગણાય છે, તો બેંગલોર ફૂલોની નગરી - બાગ - બગીચાની નગરી ગણાય છે. અલબત્ત, બેંગલોરમાંય ૮૦૦ ઉપર તળાવો હતાં. હાલ માત્ર ૫૦ ની અંદર જ રહ્યાં છે ! માનવોની કુદરત સાથે થતી ચેષ્ટા એક મોટો પડકાર સાબિત થશે, એવું લાગી રહ્યું છે. જ્યાં જ્યાં જીવ હિંસા વધી છે, ત્યાં ત્યાં કુદરતી આપત્તિઓ પોતાનો પરચો બતાવે જ છે. આ વાત વિજ્ઞાન પણ સ્વીકારે છે. (જો કે વિજ્ઞાન જ શરૂઆતમાં ખોટા રસ્તા બતાવે છે, પછી વર્ષોબાદ તેનાં દુષ્પરિણામો જણાવે છે. વિજ્ઞાનના નામે થતો પ્રચાર પ્રજાને આંજી દે છે. ટૂંકમાં કહીએ તો વિજ્ઞાન જ વધુ ભ્રમિત કરે છે. વિજ્ઞાનના ઘણા આવિષ્કારો વિશ્વના જીવો માટે ખતરનાક સાબિત થયા છે. પર્યાવરણને દૂષિત કરવામાંય તેનો મોટો ફાળો છે.)

(ક્રમશઃ) ધ

## ★ दीक्षा के दिन गाया गीत

(तर्जः भीड मे तन्हाई)

भावों की गहराई में, त्याग की ऊंचाई में

जप तप की पुरवाई में, गुरुवर नजर आने लगे....२

करुणा की चौपाई में, सूरज की सच्चाई में

महामंत्र शहनाई में, गुरुवर नजर आने लगे ॥

✤ जमाने का ऐसा उदारण दिया,

कर्मों को तुमने पराजित किया,

प्रवचन से ऐसा उजाला किया, गुरुवर के चरणों में सर रख दिया; मन के हर विश्वासों मे, मंत्रों के हर सासों में, ग्रन्थों के आदर्शों में... गुरुवर नजर आने लगे ...१

✤ महायोगी गुरुवर के चरणों की धूल, मक्तों के माथे का चंदन गुरुवर के शरणे जो भी आया, वो माटी की काया, निकुंदन बनी बनी;

सुबह में और संध्या में, सूरज में और चंदा में,

निर्मल पावन गंगा में, गुरुवर नजर आने लगे....२

✤ गुरुवर को देखो, मुस्कान पर, खुशियों का सावन बरसने लगा, गुरुवर की मंगल वाणी को सुन, अमृत सा हृदय में झरने लगा;

शून्य में और अंको में, शब्दो में और अर्थों में

सृष्टी के हर कष्टों में....गुरुवर नजर आने लगे...३



## ★ विदाईगीत

तर्जः दूल्हे का सेहरा सुहाना...

आज विदायी गुरुवर की आई है,
अखियाँ देखो सब की भर-भर आई है,
संग हमारा छोड के वो जायेंगे,
बस याहि आवाज़ हर-पल आई है...टेर

मैं गुरु चरणों की सेवा कर नहीं पाई,
ये कमी मेरी मुझे है, आज रुलाई,
खूब सूरत साथ तुम्हारा याद आयेगा,
चाह के भी आपको न भूल पायेगा,

मुश्किल-मुश्किल-२ ऐसा साथ छुडाना लगता है
मेरा तो ये मन दिवाना लगता है .....१

धन्य हुआ जीवन मेरा, ऐसे गुरु पाकर,
जिनके रग-रग में भरा, करुणा का है सागर,
आपकी यादों के पल, हर पल सतायेंगे,
याद ही यादों में अपने, दिन बितायेंगे;

मुश्किल - मुश्किल - २ ऐसा साथ किसी का मिलता है
ऐसा साथ आपका ही मिलता है ....२

धर्म का नाम सबको प्यारा-प्यारा लगता है,
पाप का नाम सुनते ही बच्चा-बच्चा घबराता है,
धर्म के मार्ग पर चलने वालें-
गुरु के सहवास में ही सच्चा मार्ग मिलता है ।

५

## ...કર્મો ક્ષણવારમાં ઘટી જાય...

**अभिगमण-वंदण-नमंसणेण,**

**परिपुच्छणेण साहूणं ।**

**चिरसंचियं पि कम्मं,**

**खणेण विरलत्तणमुवेइ ।।**

સાધુભગવંત પધારતા હોય ત્યારે સામે જવાથી, તેમને વંદન -ગુણસ્તુતિ કરવાથી, નમસ્કાર કરવાથી (મન-કાયાદ્વારા) તથા શરીરની કુશળતા (વચનથી) પૂછવાથી ઘણાં જન્મમાં બાંધેલાં કર્મો ક્ષણવારમાં ઘટી જાય છે, અલ્પ થઈ જાય છે.